Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
UGC Approved Journal No. 63726
Impact Factor: 4.081
Volume-12, Issue-3, December-2018 www.researchguru.net

# વણકર જ્ઞાતિની ઉચ્ચ અભ્યાસ કરેલ બહેનોનો સમાજશાસ્ત્રીય અભ્યાસ

(અમદાવાદ શહેરના મજૂરગામ વિસ્તારના સંદર્ભમાં)

**નેહા એસ. સોલંકી**

એમ.ફિલ. છાત્રા, સમાજશાસ્ત્ર વિભાગ ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.

સારાંશ: પહેલાના સમયમાં અનુસુચિત જ્ઞાતિઓ તેમજ સ્ત્રીઓ ગણા અંશે પછાત હતી તેમ જોવા મળે છે. પરંતુ સમય જતાં અનુસુચિત જ્ઞાતિઓ તેમજ સ્ત્રીઓમાં પરિવર્તન આવેલું જોવા મળે છે. તેના આધારે પ્રસ્તુત સંશોધન પેપરમાં "અમદાવાદ શહેરના મજુરગામ વિસ્તારની વણકર જ્ઞાતિની ઉચ્ચ અભ્યાસ કરેલ બહેનોનો" સમાવેશ કરવામાં આવેલ છે. આમ, ઉચ્ચ અભ્યાસ ધ્વારા બહેનોનું સમાજમાં સ્થાન ઊંચું આવ્યું છે. આર્થિક રીતે પોતે પગભર થઇ છે. શિક્ષણના સ્તરમાં સુધારો જોવા મળે છે. બહેનો વધુ ને વધુ ઉચ્ચ અભ્યાસ કરતી જોવા મળે છે. બહેનો રાજકીય ક્ષેત્રે પણ સક્રિય જોવા મળે છે અને ઉચ્ચ અભ્યાસ પ્રાપ્ત કાર્ય બાદ અંધશ્રદ્ધામાં ઓછું માનતી થઇ છે. ઉચ્ચ અભ્યાસ ધ્વારા પોતે પોતાની સમસ્યાઓનું નિવારણ લાવતી જોવા મળે છે અને ઉચ્ચ અભ્યાસ માટે તેમજ પોતાની જીવનશૈલી માટે સંચાર માધ્યમોનો ઉપયોગ કરતી હોય તેવું જોવા મળે છે.

**ચાવીરૂપ શબ્દો:** અમદાવાદ શહેર, મજુરગામ વિસ્તાર, ઉચ્ચ અભ્યાસ, બહેનો.

## પ્રસ્તાવના

ભારતીય બંધારણમાં સ્ત્રી અને પુરુષને સમાનતાની ખાતરી આપી છે. સ્ત્રી અને પુરુષ વચ્ચે અસમાનતા કે ભેદભાવો કે સામાજિક વ્યવસ્થા થાય તે પરિણામ છે. એક સ્ત્રી શિક્ષિત બને તો એક ઘર, એક સમાજ અને રાષ્ટ્ર શિક્ષિત બને છે. સ્ત્રીઓ સમગ્ર વિકાસની પ્રક્રિયાનુ કેન્દ્ર બિંદુ છે. સ્ત્રીઓ સમગ્ર વિકાસની પ્રક્રિયાનુ કેન્દ્ર બિંદુ છે. જીવનનું કોઈપણ ક્ષેત્ર એવું નથી કે જ્યાં સ્ત્રી સફળ ના રહી હોય. આજે 21મી સદીમાં તો મહિલાઓને સમાજમાં એક સ્વતંત્ર વ્યક્તિ તરીકે સ્થાન મળે એ મહત્વનું છે.

વણકરોમાં સ્ત્રીઓમાં પણ શિક્ષણનું પ્રમાણ વિકસે તે પણ ખૂબ જ મહત્વનું પરિબળ છે. ભારતમાં સંદર્ભમાં જોઈએ તો સ્વતંત્રતા પહેલા મહિલાઓ નિરક્ષરતા તથા રૂઢિગત બંધનોમાં બંધાયેલી હતી. સમાજ સુધારણા દ્વારા મહિલાઓની સ્થિતિમાં પરિવર્તન લાવવાનાં પ્રયત્નો શરૂ થયા. આ સમાજ સુધારણામાં રાજા રામમોહનરાય, સ્વામી દયાનંદ સરસ્વતી, ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર, મહાત્મા ગાંધીજી, જ્યોતિબા ફૂલે, રમાબાઈ રાનડે, ગોવિંદ રાનડે, સ્વામી વિવેકાનંદ વગેરેએ મહત્વનું યોગદાન પ્રદાન આપ્યું છે.

ભારતમાં સ્વતંત્રતા પછી સ્ત્રીના દરજ્જા અને ભૂમિકામાં પરિવર્તન આવ્યું છે. દરજ્જો એ સામાજિક રચનામાં રહેલું સ્થાન છે. દરજ્જા હક્કોનો નિર્દેશ કરે છે. જ્યારે ભૂમિકા ફરજોનું નિર્દેશ કરે છે. ભારતમાં શિક્ષણનો પ્રચાર સ્ત્રીઓમાં વ્યવસ્થિત જોવા મળે છે.

## સંશોધન પ્રશ્ન

"વણકર જ્ઞાતિમાં ઉચ્ચ અભ્યાસ કરેલ બહેનોનો સમાજશાસ્ત્રીય અભ્યાસ"

(અમદાવાદ શહેરના મજૂરગામ વિસ્તારના સંદર્ભમાં)

**સંશોધનક્ષેત્ર** :

પ્રસ્તુત સંશોધન પત્રનું સંશોધનક્ષેત્ર અમદાવાદ શહેરમાં આવેલ મજૂરગામ વિસ્તાર છે. સંશોધક પોતે મજૂરગામ વિસ્તારના રહેવાસી છે.

**સંશોધનના હેતુઓ** :

- વણકર જ્ઞાતિની બહેનોનો સામાજિક ક્ષેત્રે દરજ્જો તપાસવો.
- વણકર જ્ઞાતિની બહેનોનો આર્થિક ક્ષેત્રે દરજ્જો તપાસવો.
- વણકર જ્ઞાતિની બહેનોનો શૈક્ષણિક ક્ષેત્રે દરજ્જો તપાસવો.
- વણકરજ્ઞાતિની બહેનોનો રાજકીય અને ધાર્મિક ક્ષેત્રે દરજ્જો તપાસવો.
- વણકર જ્ઞાતિની બહેનોની સમસ્યાઓ અને સંચાર માધ્યમ.

**સંશોધન પદ્ધતિ અને પ્રવિધિઓ** :

પ્રસ્તુત સંશોધન માટે નિદર્શન પસંદગી, પ્રાથમિક માહિતી અને દ્વિતીય માહિતી મેળવવા મુલાકાત અનુસૂચિ, નિરીક્ષણ, ગ્રંથાલય જેવી પ્રયુક્તિઓનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

**સામાજિક ક્ષેત્રે દરજ્જો** :

માણસ સામાજિક પ્રાણી છે તે જન્મથી મૃત્યુ સુધી સમાજની વ્યવસ્થાને અનુરૂપ થઈ સમાજમાં રહે છે. મનુષ્યની મુખ્યત્વે ત્રણ જરૂરિયાતો છે. ખોરાક, પોશાક અને રહેઠાણ જેને પૂરી કરવા માનવ પોતાની આસપાસના કુદરતી વાતાવરણનો આશ્રય લે છે. દરેક સમાજના માળખામાં રહી જીવે તે માટે જુદી-જુદી સામાજિક સંસ્થાઓનું સામાજીકરણ થાય છે.

શિક્ષણ સમાજ પરિવર્તનનું અતિ મહત્વનું સાધન છે. સમાજમાં વિશાળ સ્વરૂપમાં લોકોની જ્ઞાન, કુશળતા, હિતો અને મૂલ્યોમાં પરિવર્તન લાવવાનો બીજો રસ્તો છે. શિક્ષણના કારણે સમાજમાં સ્ત્રીઓનો દરજ્જો પુરુષ સમકક્ષ જોવામાં આવે છે. તેમજ ઉચ્ચ શિક્ષણ મેળવતી બહેનોએ લગ્ન ક્યારે કરવા તેનો નિર્ણય જાતે નક્કી કરતી થઈ છે. જીવનસાથી પોતે પસંદ કરેલ અથવા વય પ્રમાણે તેમને ક્યારે પરણવું કે નહીં તે પણ જાતે નક્કી કરે છે. સામાજિક પ્રશ્નોમાં સ્ત્રીને સામેલ કરવામાં આવે છે. તેમજ પ્રાચીન સમયથી સ્ત્રીઓ પુરુષની આધીન છે તેમાં પરિવર્તન આવવું જોઈએ. વિધવા પુનઃલગ્નનું પ્રમાણ વધારે છે. સમાજમાં દહેજપ્રથાનું પ્રમાણ ઓછું જોવામાં આવે છે. સમાજમાં કુટુંબની પસંદગીમાં સંયુક્ત કુટુંબ પસંદ કરવાનું પ્રમાણ નહીંવત છે.

**આર્થિક ક્ષેત્રે દરજ્જો** :

શિક્ષણથી સ્ત્રીને આર્થિક રીતે સ્વાવલંબી બનવાની તક મળી છે. આર્થિક સ્વાતંત્રતાના કારણે સ્ત્રી શિક્ષણ મેળવીને પોતે કમાય છે અને પોતાનું અને કુટુંબનું જીવન નિર્વાહ કરી શકે છે. તેમજ સરકારી યોજના અંતર્ગત આર્થિક લાભ મળતા જોવા મળે છે. આ વિસ્તારની આર્થિક સ્થિતિ મધ્યમ વર્ગની છે.

**શૈક્ષણિક ક્ષેત્રે દરજ્જો** :

શિક્ષણના વ્યાપને કારણે સમાજમાં રહેલ અનેક કુરિવાજો, પ્રથાઓ વગેરેમાં પરિવર્તન આવ્યું છે. જેનાં કારણે સ્ત્રીઓમાં શિક્ષણ વધ્યું અને આજે સ્ત્રી પણ જુદા-જુદા અનેક વ્યવસાયમાં શિક્ષણ પ્રાપ્ત કરીને પુરુષ સમાન બની રહી છે. શિક્ષણ સ્ત્રીના દરજ્જા પર અસર કરતું મહત્વનું પરિબળ છે. સ્ત્રીનું સ્થાન ઊચું લઈ જવામાં શિક્ષણે મહત્વનો ભાગ ભજવ્યો છે. શિક્ષણના લીધે સ્ત્રીઓમાં બૌદ્ધિક જાગૃતિ આવી છે. પરિણામે સ્ત્રીઓ પોતાના અધિકારો પ્રત્યે સભાન બની છે. શિક્ષણના લીધે રહેણીકરણી, પહેરવેશ, બોલીમાં સુધારો જોવા મળે છે. તેમજ શિક્ષણના લીધે બહેનો આધુનિક બની છે. શૈક્ષણિક સમાજમાં પુત્ર-પુત્રીના કેળવણીમાં ભેદભાવ જોવા મળતો નથી. બંનેને સમાન ગણવામાં આવે છે. શિક્ષણના કારણે જીવનસાથીની પસંદગીના ધોરણોમાં ફેરફાર જોવા મળે છે. ઉચ્ચશિક્ષણ ઘણું ઈચ્છનીય છે કેમકે ઉચ્ચશિક્ષણ દ્વારા સારી નોકરી મેળવી શકાય છે.

**રાજકીય અને ધાર્મિક ક્ષેત્રે દરજ્જો** :

પ્રસ્તુત સંશોધનમાં રાજકીય નિર્ણયો લેવામાં સ્ત્રીને ભાગીદાર લેવામાં આવે છે. શિક્ષણના લીધે સ્ત્રીઓમાં રાજકારણમાં ઓછું રૂચિ જોવામાં આવે છે. શિક્ષણના લીધે સ્ત્રીઓ મત કોને આપવો તેનો નિર્ણય જાતે કરતી હોય છે. તે મતદાન કરતા સમયે ઉમેદવારની ક્ષમતા અને લાયકાત ધ્યાનમાં રાખી મત આપે છે. રાજકીય નિર્ણયમાં જ્ઞાતિના બધા જ સભ્યો એક જોવા મળે છે.

ધાર્મિક ઉત્સવો કે વિધિઓમાં સ્ત્રીઓનો ભાગ જોવા મળે છે. શિક્ષણના કારણે સ્ત્રીઓ બાધા-માનતા તેમજ શુકન-અપશુકન, ભૂત-પ્રેત, વળગાડમાં માનતા નથી. તેમજ તેમનો પરંપરાગત હિન્દુ ધર્મ પાળતા જોવામાં આવે છે. ધાર્મિક વિધિ-વિધાન કે દેવી-દેવતામાં માનતાનું પ્રમાણ વધુ જોવામાં આવે છે. શિક્ષણના લીધે અંધશ્રદ્ધાનું પ્રમાણ ઓછું જોવામાં આવે છે.

**બહેનોની સમસ્યા અને સંચાર માધ્યમ** :

સ્ત્રીઓના સમાજજીવન સાથે સંકળાયેલી સમસ્યાઓ સ્ત્રીઓના સામાજિક જીવનને સ્પર્શે છે. દેશના અન્ય પ્રાંતોની જેમ ગુજરાતમાં સ્ત્રીઓને સંબંધિત કેટલીક સામાજીક સમસ્યાઓ જોઈએ તો મહિલાઓ વિરુદ્ધ હિંસા, બાળલગ્ન, ભ્રૂણહત્યા, આત્મહત્યા અને બળાત્કાર છે. સ્ત્રીઓ પરત્વે હિંસા એ પિતૃતંત્ર પ્રથામાં પ્રવર્તિત અસમાનતાનો સૌથી મોટો પ્રાદુર્ભાવ છે. આ પદ્ધતિ સ્ત્રીઓનાં પ્રજનન અને પુનઃપ્રજનન, બાળ ઉછેર વગેરે કામનાં શ્રમ (Labour Power), સ્ત્રીઓની જાતીયતા, સ્ત્રીઓની અવરજવર, મિલકત અને રાષ્ટ્ર સંઘની સભાએ 1993માં સ્ત્રીઓ સામે હિંસાની નાબૂદી પરની જાહેરાત સર્વસંમતિથી પસાર કરી. તેમજ સ્ત્રીઓને ભણવા બહાર જવાનું થાય તો કુટુંબની મંજૂરી લેવી પડે છે. સ્ત્રીઓ માટે સુરક્ષાને લગતી ચિંતાના કારણે તેમને એકલા મોકલતા ડર લાગે છે. તેમજ વ્યવસાય કરતી સ્ત્રીઓને બેવડી ભૂમિકા ભજવવી પડે છે. સ્ત્રીઓ માટે સરકાર દ્વારા સુરક્ષાના કાયદાઓ હોવા જોઈએ.

આજકાલ મીડિયા શબ્દ વ્યાપકપણે ઉપયોગમાં લેવાય છે. લોકોએ તેને એક બોલચાલની ભાષામાં ઉપયોગ કરવાનું શરૂ કર્યું છે. સંચાર માધ્યમનું મુખ્ય કાર્ય એક જગ્યાએથી

બીજા સ્થળે વિચારો, અભિવ્યક્તિઓ અને માહિતી લાવવાનો છે. માધ્યમો, અખબાર, રેડિયો, ટેલિવિઝન મહત્વ વગેરે ખૂબ ઊંચું છે જે આ પ્રેસ ચોરસ અથવા પત્રકારજૂથ તરીકે ઓળખાય. આજે ચોથા સ્તંભ સાથે સંકળાયેલ થાય છે. પત્રકારત્વની દુનિયાને શબ્દ (ફોર્થ એસ્ટેટ) આપવામાં આવ્યો છે. વ્યાપક રીતે કહીએ તો સંચાર માધ્યમના ત્રણ અર્થને મોકલવા માટે, મનોરંજન અને શિક્ષણ, શિક્ષણના કારણે મેગેઝીન વાંચતા જોવામાં આવે છે. આધુનિકકરણના કારણે સ્ત્રીઓ ઈન્ટરનેટનો ઉપયોગ કરતી જોવામાં આવે છે. તેમાં તેઓ વોટસ્ એપ તેમજ ફેસબુકનો ઉપયોગ કરતી જોવા મળે છે. સ્ત્રીઓ શિક્ષણની સાથે-સાથે ઈ-મેઇલ કરે છે. તેમજ ઓનલાઈન શોપિંગ કરતી જોવામાં મળે છે. આમ, આધુનિકરણના કારણે તમામ ક્ષેત્રોમાં સ્ત્રીઓ આગળ જોવામાં આવે છે.

**અભ્યાસના તારણો** :

- પ્રસ્તુત અભ્યાસમાં અમદાવાદ શહેરનાં મજૂરગામ વિસ્તારની 110 યુવતીઓ પસંદ કરવામાં આવી છે. તેમાંથી 110 યુવતીઓ અપરણિત લેવામાં આવી છે તેમજ તેમની વયજૂથ 20 થી 60 પસંદ કરવામાં આવ્યો છે.
- અભ્યાસના કુલ ઉત્તરદાતાઓમાંથી 21 (19.07%), હાઈસ્કૂલ (12 પાસ) હતા જ્યારે 62 (56.36%), ગ્રેજ્યુએટ, 22 (20.00%), પોસ્ટ ગ્રેજ્યુએટ અને 5(4.55%) અન્ય (એન્જિનિયર કે પી.ટી.સી.નું શિક્ષણ મેળવ્યું હતું.
- અભ્યાસના કુલ 110 ઉત્તરદાતાઓમાંથી 64 (58.18%) સંયુક્ત કુટુંબ અને 46 (41.82%) ટકા વિભક્ત કુટુંબમાં વસવાટ કરતા હતા.
- અભ્યાસ હેઠળનાં ઉત્તરદાતાઓમાં જીવનસાથીની પસંદગીની વિગતમાં 64 (58.18%) ટકા ઉત્તરદાતાઓ શિક્ષણને મહત્વ ગણે છે. 34.55% ઉત્તરદાતાની આર્થિક પરિસ્થિતિ, 19.10 ઉત્તરદાતાઓનો બાહ્ય દેખાવ, 60.00 ટકા ઉત્તરદાતાઓ નોકરીને વધારે મહત્વનું ગણે છે.
- અભ્યાસ હેઠળનાં ઉત્તરદાતાઓમાં લગ્નવિધિની પસંદગીમાં સમાજના રીતરિવાજ પ્રામણ લગ્ન કરતા ઉત્તરદાતાઓનું પ્રમાણ 81.82% છે જ્યારે 0.91 ટકા ઉત્તરદાતાઓ મંદિરમાં જઈને લગ્નવિધિ કરતાં જોવા મળે છે.
- પ્રસ્તુત અભ્યાસમાં માતા-પિતા ઈચ્છે ત્યાં લગ્ન કરતાં ઉત્તરદાતાઓનું પ્રમાણ 97.27% છે જ્યારે 1636 ટકાનું માનવું છે કે પોતાની જાતિમાં જ લગ્ન કરવા જોઈએ તેમ જણાવે છે.
- પ્રાચીન સમયથી સ્ત્રીઓ પુરુષની આધીન છે તેમાં પરિવર્તન આવવું જોઈએ એવું માનતા ઉત્તરદાતાઓનું પ્રમાણ 57.27 ટકા છે જ્યારે જરાય જરૂર નથી પુરુષની આધીન રહેવાનું માનતાનું પ્રમાણ 12.73 ટકા છે.
- પ્રસ્તુત અભ્યાસમાં સ્ત્રીની માંદગી વખતે પ્રથમ રસ્તો દવાખાને જવાનું જણાવતા ઉત્તરદાતાઓનું પ્રમાણ 95.45 ટકા જેનું પ્રમાણ વધારે જોવા મળે છે.
- પ્રસ્તુત અભ્યાસમાં વિધવા પુનઃલગ્નમાં માનતા હોય તેવા ઉત્તરદાતાઓનું પ્રમાણ 86.36 ટકા છે જ્યારે 13.64 ટકા ઉત્તરદાતા પુનઃલગ્નમાં માનતા નથી.

- પ્રસ્તુત અભ્યાસમાં કુટુંબનો પરંપરાગત વ્યવસાયમાં મજૂરી કરતા ઉત્તરદાતાઓનું પ્રમાણ 40.91 ટકા છે જ્યારે ખેતી કરતા હોય તેવા ઉત્તરદાતાઓનું પ્રમાણ 13.64 ટકા છે.
- પ્રસ્તુત અભ્યાસમાં ઉત્તરદાતાની પોતાની આવક છે તેમ જણાવતા ઉત્તરદાતાનું પ્રમાણ 32.73 ટકા છે જ્યારે 07.27 ટકા ઉત્તરદાતાઓને પોતાની આવક નથી તેમ જણાવે છે.
- પ્રસ્તુત અભ્યાસમાં ઉત્તરદાતાઓના ઘરમાં લાજ કાઢવાનો (પડદાપ્રથાનો) રીવાજ છે તેવું જણાવતા ઉત્તરદાતાઓનું પ્રમાણ 92.93 ટકા છે.
- પ્રસ્તુત અભ્યાસમાં ઉત્તરદાતાઓને શિક્ષણ મેળવવામાં સૌથી વધુ ફાળો માતા-પિતા આપે છે તેમ કહેનાર ઉત્તરદાતાનું પ્રમાણ 93.64 ટકા છે.
- પ્રસ્તુત અભ્યાસમાં બહેનોને ઉચ્ચશિક્ષણ લેવું જોઈએ તેવું માનતા ઉત્તરદાતાઓનું પ્રમાણ 91.82 ટકા છે.
- પ્રસ્તુત અભ્યાસમાં ઉચ્ચ શિક્ષણ મેળવ્યા બાદ દરજ્જામાં પરિવર્તન આવ્યું તેવા ઉત્તરદાતાઓનું પ્રમાણ 78.18 ટકા છે.
- પ્રસ્તુત અભ્યાસમાં શુકન-અપશુકનમાં માનતા હોય તેવા ઉત્તરદાતાઓનું પ્રમાણ 23.64 ટકા છે જ્યારે 76.36 ટકા ઉત્તરદાતાઓ માનતા નથી.
- પ્રસ્તુત અભ્યાસમાં 110 ઉત્તરદાતાઓનું હિન્દુ ધર્મ તેમનો પરંપરાગત ધર્મ જોવા મળે છે.
- પ્રસ્તુત અભ્યાસમાં ઉત્તરદાતાઓને ભણવા બહાર જવાનું થાય તો કુટુંબની મજૂરી લેવી પડે છે તેવા ઉત્તરદાતાઓનું પ્રમાણ 88.18 ટકા છે જ્યારે મજૂરી ના લેવી પડે તેવા ઉત્તરદાતાઓનું પ્રમાણ 11.82 ટકા છે.
- પ્રસ્તુત અભ્યાસમાં જાતિય શોષણ થયું હોય તેવા ઉત્તરદાતા 6.36 ટકા છે જ્યારે 93.64 ટકા ઉત્તરદાતાઓનું જાતીય શોષણ નથી થયું તેમ જણાવે છે.
- પ્રસ્તુત અભ્યાસમાં સરકાર દ્વારા જે સ્ત્રીઓ પ્રત્યેના સુરક્ષાના કાયદાઓ હોવા જોઈએ તેવા ઉત્તરદાતાઓનું પ્રમાણ 90.00 ટકા છે.
- પ્રસ્તુત અભ્યાસમાં લાયબ્રેરી જાય છે તેવા ઉત્તરદાતાઓનું પ્રમાણ 32.82 ટકા છે જ્યારે 68.18 ટકા ઉત્તરદાઓ લાયબ્રેરી નથી જતા તેવું જોવા મળે છે.
- પ્રસ્તુત અભ્યાસમાં ઈન્ટરનેટનો ઉપયોગ કરતા ઉત્તરદાતાઓનું પ્રમાણ 81.82 ટકા છે.
- પ્રસ્તુત અભ્યાસમાં મોબાઈલ ફોનનો ઉપયોગ કરતા ઉત્તરદાતાનું પ્રમાણ 96.64 ટકા છે જ્યારે 6.36 ટકા ઉત્તરદાતાઓ ફોનનો ઉપયોગ કરતા નથી.
- પ્રસ્તુત અભ્યાસમાં ઉત્તરદાતાઓ ઓનલાઈન શોપિંગ કરતા હોય તેવા ઉત્તરદાતાઓનું પ્રમાણ 40.00 ટકા જોવા મળેછે. જ્યારે 60.00 ટકા ઉત્તરદાતાઓને શોપિંગ નથી કરતા તેનું પ્રમાણ વધારે જોવા મળે છે.

## સંદર્ભ

1. બરંડા એમ. (2013). "સ્ત્રી સશક્તિકરણ", દામિની પબ્લિકેશન,અમદાવાદ.
2. જાદવ જી. બી. (1992-93), "કુંકણા જાતિની બહેનોનો શિક્ષણની અસરોનો અભ્યાસ"
3. વ્યાસ એસ. (1993). "ઉચ્ચ માધ્યમિક કક્ષાએ નોકરી કરતી શિક્ષિકા બહેનોનો સામાજિક અભ્યાસ.
4. (http ://www.scotbuzz.org>2018/01)